# પટકથા લેખક

એક પટકથા લેખક વાર્તાનો મિજાજ, લાગણીઓ અને પરિસ્થિતિઓને પ્રતિબિંબિત કરતી હોય તે રીતે વાર્તાની પટકથા તૈયાર કરવા માટે જવાબદાર હોય છે. પટકથા લેખક, વાર્તા લખનાર સાથે કામ કરે છે અને વાર્તાને સર્વશ્રેષ્ઠ રીતે પડદા પર પ્રદર્શિત કરી શકાય તે પ્રકારનું સંસ્કરણ તૈયાર કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે વાર્તા કહેવાના મૂળભૂત સિદ્ધાંતો અને પાત્રોના મનોવિજ્ઞાનથી સારી રીતે પરિચિત છો
- તમારી પાસે અસરકારક રીતે કામ કરવાની ક્ષમતા છે
- તમે પ્રેક્ષકોની સંસ્કૃતિ અને સાહિત્યિક ક્ષમતા તેમજ તેમને સ્વીકાર્ય હોય તેવા વર્ણનોને કેવી રીતે મૂર્તિમંત કરવા તે સારી રીતે જાણો છો



## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો અને ત્યારબાદ, ફિલ્મ નિર્માણ / અંગ્રેજી સાહિત્ય / પત્રકારત્વ અથવા અન્ય કોઈ સમાન વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો (પટકથા લેખન પર ધ્યાન કેન્દ્રિત કરવાને પ્રાધાન્ય સાથે મલ્ટીમીડિયામાં BA ઇચ્છનિય છે.) **અથવા**

કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો અને ત્યારબાદ, ફિલ્મ નિર્માણ/અંગ્રેજી સાહિત્ય/પત્રકારત્વ અથવા અન્ય કોઈ સમાન વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો (પટકથા લેખન પર ધ્યાન કેન્દ્રિત કરવાને પ્રાધાન્ય સાથે મલ્ટીમીડિયામાં બી.એ. ઇચ્છનિય છે.) અને પછી, ફિલ્મમેકિંગ અને સ્ક્રિપ્ટરાઈટિંગ તેમજ માનવશાસ્ત્રમાં કે અન્ય કોઈપણ વિદ્યાશાખામાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી મેળવો. **અથવા**

કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો અને ત્યારબાદ, ફિલ્મ નિર્માણ/અંગ્રેજી સાહિત્ય/પત્રકારત્વ અથવા અન્ય કોઈ સમાન વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો (પટકથા લેખન પર ધ્યાન કેન્દ્રિત કરવાને પ્રાધાન્ય સાથે મલ્ટીમીડિયામાં બી.એ. ઇચ્છનિય છે.) અને પછી, ફિલ્મમેકિંગ અને સ્ક્રિપ્ટ રાઇટિંગમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પટકથા લેખકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૪૨,૫૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Skill=Screenwriting/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સમગ્ર ભારતમાં મીડિયા હાઉસ, ગેમિંગ કંપનીઓ, એનિમેશન કંપનીઓ તેમજ પ્રોડક્શન હાઉસ. પટકથા લેખક તરીકે તમે સ્વ-રોજગારી પણ મેળવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ એક ડેસ્ક જોબ છે અને તમારે ટીમનું સંચાલન કરવાની જરૂર પડી શકે છે મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે, જો કે તમે ક્યારેક ઘરેથી પણ કામ કરી શકો છો. કામના કલાકો અઠવાડિયાના ૫ થી ૬ દિવસ માટે દરરોજ ૮ થી ૯ કલાક હોય છે. કંપની મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સ્ક્રિપ્ટ રિસર્ચર → સ્ક્રિપ્ટ રાઈટર/સ્ક્રિન રાઈટર → સ્ક્રિપ્ટ એડિટર → આસિસ્ટન્ટ સ્ક્રિપ્ટ એડિટર → ગ્રુપ સ્ક્રિપ્ટ એડિટર → કન્ટેન્ટ હેડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્ટોરી રાઈટર, સ્ક્રિન રાઈટર, કન્ટેન્ટ રાઈટર



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૪. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૫. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૬. ફારૂક કોલેજ, કોઝિકોડ
૭. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૮. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી
૯. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા (બુક પબ્લિશિંગ સ્ટડીઝમાં પી.જી. ડિપ્લોમા કોર્સ ઉપલબ્ધ કરાવતી એકમાત્ર યુનિવર્સિટીઓ પૈકીની એક)
૧૦. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એઝાઝ રિઝવી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન, લખનૌ
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ સ્ટડીઝ, નોઈડા
૪. હિમગીરી ઝી યુનિવર્સિટી, દેહરાદૂન
૫. પ્રતાપ યુનિવર્સિટી, જયપુર
૬. એપીજય ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન (એ.આઈ.એમ.સી.), દિલ્હી
૭. એપીજય ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન (એ.આઈ.એમ.સી.), દ્વારકા દિલ્હી
૮. ભારતીય વિદ્યા ભવનની ફિલ્મ, ટીવી અને એનિમેશન સ્ટડીઝ, દિલ્હી
૯. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, દિલ્હી
૧૦. મહાકૌશલ યુનિવર્સિટી, જબલપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**જુહી ચતુર્વેદી** એક કલા નિર્દેશકમાંથી પટકથા લેખક બન્યા છે. જુહી તેમની નોકરીમાં કામ કરતી વખતે એક દાયકા સુધી નવી દિલ્હી, ભારતમાં રહી. આ અનુભવનો ઉપયોગ કરીને તેણીએ પોતાની પ્રથમ ફિલ્મ 'વિકી ડોનર'ની સ્ક્રિપ્ટ લખી. તેણીની કેટલીક નોંધપાત્ર ફિલ્મોમાં મદ્રાસ કેફે, પીકુ, ગુલાબો સિતાબોનો સમાવેશ થાય છે.*

સ્રોત : https://frontrow.co.in/guides/top-5-indian-screenwriters/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.